અનુસુચિત જાતિ કલ્યાણ હેઠળની વિવિધ પ્રિ-મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/ સહાય યોજનાઓની કામગીરી માટે ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ લેવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:SJED/EOD/e-file/17/2022/2983/J Section

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૮/૨૦૨૩.

વંચાણે લીધા:-

(૧) આ વિભાગનો તા.૨૦/૦૩/૨૦૨૩નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૬/૦૬/૨૦૨૩નો પત્ર નં. અજાક/ગ-૧/પ/૨૩-૨૪/૨૩૮૬-૮૭.
(3) શ્રમ આયુક્તની કચેરી,ગાંધીનગરનો તા.૦૧/૦૪/૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક:શ્ર.આ.૬/ટે.૩./૧૯૯/૨૦૨૩.

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના વિભાગનો તા.૨૦/૦૩/૨૦૨૩ના ઠરાવથી નિયામકશ્રી,અનૂસુચિત જાતિ કલ્યાણ હેઠળની વિવિધ પ્રિ-મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ /સહાય યોજનાઓની કામગીરી માટે માસિક રૂ.૧૨,૦૦૦/- લેખે કુલ-૩૨ ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ મંજૂરી મળ્યા તારીખથી ૧૧ માસ માટે આઉટસોર્સથી લેવા મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરના પત્રથી નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક(૩) પરના શ્રમ આયુક્તની કચેરી,ગાંધીનગરના પરિપત્રના લઘુતમ વેતન મુજબ આઉટસોર્સથી સેવા લેવા બાબતે મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી,જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

**કાળજીપૂર્વકની** વિચારણાના અંતે, નિયામકશ્રી,અનૂસુચિત જાતિ કલ્યાણ હેઠળની વિવિધ પ્રિ-મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓની કામગીરી માટે કુલ-૩૨ ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ શ્રમ આયુકતની કચેરી, ગાંધીનગરના તા.૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રના લઘુતમ વેતન મુજબ આઉટસોર્સથી લેવા બાબતે નીચેની શરતે અનુમતિ આપવામાં આવે છે.

"લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા તા.૨૭/૩/૨૦૨૩ના જાહેરનામાં તથા તેને આનુષાંગિક ઠરાવો/પરિપત્રોને ધ્યાને લઈ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા

આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે તેમજ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા મહેનતાણામાં કરવામાં આવતા વધારા-ઘટાડા મુજબ જરૂરી અમલવારી કરવાની જવાબદારી નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે."

વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના વિભાગના તા.૨૦/૦૩/૨૦૨૩ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૩૦/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ ગોહેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા કચેરીઓ (નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સેક્શન અધિકારીશ્રી (ગ,બ શાખા) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.- ઉકત ઠરાવ વિભાગની વેબ સાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.

Signature valid
Signed by:H T Gohel
Section Officer
Date: 2023.08.09
16:33:40 +05:30